BOOKFAIR BULLETIN

11/1/2024

DAY 6

9th Vibrant AMDAVAD NATIONAL BOOK FAIR

6th to 12th Jan. 2024

GMDC GROUND

# જીવન ઘડતર માટે ધરોહર છે પુસ્તકો...







આજે બુકફેરનાં ષષ્ઠમાં દિવસે જનમેદની 23,000ને પાર પહોંચી હતી. બુકફેરનો આનંદ માણવા પ્રતિદિન જનમેદની વધતી જણાય છે. આ વધતી જનમેદનીને કારણે પુસ્તકોની ખરીદીનું પ્રમાણ વધ્યું જેના લીધે પ્રકાશકો આજે પોતાના બુકસ્ટોલ્સમાં પુસ્તકોનો Re-Stock કરતા જણાયા.

સિનિયર આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર શ્રી તેજસ ભંડારીએ સ્ટોલ એરિયાની મુલાકાત કરી પબ્લિશર્સના ફિડબેક લીધા તેમજ બાળસાહિત્યના સ્ટોલ પરથી છકો મકો, મિયા ફુસકી અને વિખ્યાત લેખિકા ધીરુબહેન પટેલ લિખિત પુસ્તકોની ખરીદી પણ કરી.



ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં આજ રોજ 1. Loupetoo - Iran, 2. The Ghastly Ghoul - England અને 3. The Old Young Crow - Japan ફિલ્મો બતાવી હતી.






નેશનલ બુકફેરની મુલાકાત લેનાર લોકો દ્વારા પુસ્તક પરબમાં કુલ 411 પુસ્તકો ડોનેટ કર્યા હતા. જ્યારે 352થી પણ વધુ પુસ્તકો લોકો વાંચવા માટે લઈ ગયા હતા.



જ્ઞાનગંગા સર્જક સંવાદમાં આજે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને મૂળ પત્રકારત્વ સાથે સંકળાયેલાં તેમજ પોઝિટિવ સાહિત્ય, હાસ્યલેખ અને જીવનચરિત્ર સર્જક રમેશ તન્ના દ્વારા યોજાયો હતો. તેઓએ પોતાના લેખનનાં અનુભવો વર્ણવ્યા. ત્યારબાદ બંને સર્જકોએ સમગ્ર શ્રોતાગણને પોતાની રચનાઓ સંભળાવી હતી.








ત્રિવેણી કાર્યક્રમ અંતર્ગત 'સાહિત્ય મને ગમે છે'માં જ્ઞાનપીઠ પુરસ્કૃત શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ભાગ્યેશ જહાએ ગુજરાતી સાહિત્ય વિશેની રસપ્રદ ચર્ચા કરી હતી.

શ્રી રઘુવીર ચૌધરી દ્વારા ગુજરાતી સાહિત્યના જૂના પાસાંઓ જેમાં ઝવેરચંદ મેઘાણી અને અન્ય ગાંધીયુગના લેખકો તેમજ સાહિત્યકારો વિશે વાત કરી હતી. તેઓએ જણાવ્યું કે પહેલાં લેખકો ગુજરાતી સહિત્યને કેવી રીતે લખતાં હતાં અને અત્યારના યુવાન લેખકો અને કવિઓ નવી જ ભાષા અને દાખલાઓનો ઉપયોગ કરે છે. તેમણે પોતાના અંગત અનુભવો પણ કહ્યા હતા કે કેવી રીતે નાની ઉંમરમાં જ તેઓ ભજનમંડળીમાં જતા અને સાંભળતા હતા. જ્યારે ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે, 'સાહિત્યએ મનુષ્ય-જાતિએ વણમાંગેલું મોટું વરદાન છે.'

શ્રી ભાગ્યેશ જહાએ સંસ્કૃત શ્લોકથી વક્તવ્ય શરૂ કરતા જણાવ્યું કે પોતે લેખનની શરૂઆત નાની નાની ગઝલોથી કરી હતી.

જ્યારે 'જલસો' ટીમ દ્વારા વાચિકમ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યની કેટલીક શ્રેષ્ઠ વાર્તાઓનું નાટ્યાત્મક પઠન કરવામાં આવ્યું હતું. ચુનીલાલ મડીયાને યાદ કરી તેમની 'અંબા ગોરાણીનો પરભૂડો', ધૂમકેતુની 'પોસ્ટઓફિસ', રઘુવીર ચૌધરીની 'જગા ધુળાનો જમાનો', બક્ષિબાબુની લોકપ્રિય 'એક સાંજની મુલાકાત' અને કેટલાંક હાસ્ય સાહિત્યકારોને યાદ કરતાં જ્યોતિન્દ્ર દવેની 'પ્રશ્ન' નામનાં આર્ટિકલ સાથે યાદ કરવામાં આવ્યા હતા.




Author's Cornerમાં નિખિલ શાહ અને હિમાંશુ વોરાએ 'હિંસા મુક્ત વિશ્વ' પુસ્તકની સમજણ આપી હતી. અમરાઈવાડી અને કાંકરિયા શાળાના 250 બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. લેખિકા કાજલ હેમલ મહેતા અને સાયકોલોજિસ્ટ અને લેખક ડૉ. પ્રશાંત ભીમાણી દ્વારા 'દિશા વિહોણા પુરુષની વાત : PENDULUM' પુસ્તકનું વિમોચન કર્યું હતું. પ્રકાશ ગોર, આલોક વસાવડા, રંજના ત્રિપાઠી, નીનાસિંગ દિપમલા દ્વારા 'LOTUS : GROWS IN MUD અને REBORN TO TRANSFORM' બુકની ચર્ચા કરવામાં આવી.



જ્ઞાનગંગા અંતર્ગત કિરીટ દુધાત અને બિપિન પટેલ દ્વારા વાર્તાલેખન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં મૂળ તો ટૂંકીવાર્તાઓ કેવી રીતે લખવી તેના વિશે ચર્ચા કરવામાં આવી હતી. ત્યાં હાજર વાર્તારસિકોએ છેલ્લા દિવસોમાં કંઈ ટૂંકીવાર્તા વાંચી તેની માહિતી મેળવી વર્કશોપની શરૂઆત કરી હતી. બિપિન પટેલે ટૂંકીવાર્તાના સંદર્ભમાં કહ્યું કે, "કોઈપણ પ્રકારના લેખન કરતાં પહેલાં તૈયારી કરવી પડે. લેખનમાં ભાષા, સંવેદના અને અનુભવો મહત્ત્વનાં છે, સાથોસાથ શબ્દભંડોળ વધારવું પણ એટલું જ મહત્ત્વનું છે. તેના માટે તમારે રોજ સમાચારપત્રનું પઠન કરવું, ત્યારબાદ જ પુસ્તકો તરફ વળવું."




સ્થળ: GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ